# માઉન્ટ કાર્મેલ શાળામાં પોષણયુકત આહાર વિષયક સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧


ગાંધીનગરના સેકટર-૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ શાળામાં તાજેતરમાં વિદ્યાર્થીઓના પૌષ્ટિક આહાર વિશે માર્ગદર્શન આપતો સેમિનાર યોજવામાં આવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓની માતાઓને આ પ્રસંગે નિમંત્રણ પાઠવી કાર્યક્રમમાં સહભાગી થવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓની જાગૃત માતાઓએ શાળામાં પોષણયુકત આહાર વિષયક સેમિનારમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને શાળામાં યોગ, પ્રાણાયામ, ધ્યાન અંગેની શિબિરમાં પણ સહભાગી થવા રસ દાખવ્યો



હતો. ગાંધીનગરની સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં બાળકોના આરોગ્યલક્ષી માર્ગદર્શન માટે તેમની માતાઓને આમંત્રિત કરવામાં આવી હતી. જેમાં પ્રાર્થના અને શાબ્દિક સ્વાગત બાદ શ્રીમતી પરમજીતકૌર છાબડાએ-ઈ ટી.વી. રાજયકક્ષાના રસોઈ-શોના 'સંપૂર્ણ ગૃહલક્ષ્મી' અને કુકુંગીએક્ષ્પર્ટ-બાળકના સ્વાસ્થ્ય માટે જરૂરી એવા પૌષ્ટિક આહાર અંગે રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. કુટુંબની મૂડી એવા બાળકોને ફાસ્ટફૂડ-ચાઈનીસ ફૂડ-મેગી વગેરેથી થતા નુકસાન અંગે ચેતવી રાગી-સોયાબીન વગેરેનું મહત્વ સમજાવી ગૃહિણીઓના હાથમાં કુટુંબનું સ્વાસ્થ્ય જળવાય છે એ અંગે ટકોર કરી હતી. કેટલીક જાગૃત માતાઓએ પોતાને મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ કરી માર્ગદર્શન મેળવ્યું હતું અંતે શાળાના પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાએ શ્રીમતી છાબડાનો આભાર માનતા બાળકોને માટે પણ આવો સેમિનાર ગોઠવવા સંમતિ માગી હતી. જેનો વિધાયક પ્રતિસાદ મળતાં ૭-૮ ઓગષ્ટે વિદ્યાર્થીઓને પણ માર્ગદર્શન આપવાનું આયોજન થયું છે. આહારની સાથે સ્વાસ્થ્યનો પણ ખ્યાલ રાખવા માટે શાળાના પ્રિન્સિપાલે બાળકો માટે યોગ-ધ્યાન-પ્રાણાયામની શિબિરના આયોજનનો પણ વિચાર રજૂ કર્યો અને 'બાલચેતના' શિબિર યોજી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુસુમબેન આર. જોષીએ કર્યું હતું. અમીબેન તથા મુમતાજબેને બાળકોના સતત સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માતાઓને માહિતગાર કરી બાળકોને શિક્ષણ અંગે જાણકારી આપી હતી.

## ભક્તિ શ્રધ્ધા સહિત કરવામાં આવે તો અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે

પૂ. ગુરૂમાએ શિવ મહિમ્ન સ્તોત્રમના સત્સંગ કરાવતા કહ્યું કે,



ભક્તિ શ્રધ્ધા સહિત કરવામાં આવે તો અનેકગણુ ફળ પ્રાપ્ત થાય છે. દેવતાઓમાં સત્વગુણ-રજોગુણનું પ્રાધાન્ય હોય છે. જેથી પરમાત્મા પ્રાપ્તિ સહજ હોય છે. પરંતુ રાક્ષસ તમોગુણ પ્રધાન હોવા છતાં શિવજી બંને ઉપર પ્રસન્ન થાય છે. રાવણે બાળપણમાં પુષ્પક વિમાન કુબેરનું છે. તે કુબેરજીએ શિવજીની કૃપાથી આ બધું પ્રાપ્ત કરેલ છે. તારે આ બધું જોઈતું હોય તો ભગવાન શંકરની આરાધના કરવી પડે. ત્યારથી રાવણે ભક્તિ કરતાં કરતાં મોટા થયા.

તપ એ ભગવાન શિવજીનું હૃદય છે. ભગવાન શિવજીનું જીવન તપોમય છે માટે તપથી ભગવાન પ્રસન્ન થાય છે.

રાવણને બહુ તપ પછી શિવજી પ્રસન્ન ન થતાં તેણે યજ્ઞ કરી તેમાં એક પછી એક પોતાના શિર અગ્નિરૂપ શિવજીને કમલરૂપે અર્પણ કરતાં કરતાં દસમું મસ્તક અર્પણ કરવા જતાં શિવજી રાવણને પ્રસન્ન થાય છે. રાવણ તમોગુણી હોવાથી તેને વરદાન માગેલ કે હું કોઈનાથી મરૂ નહિ અને અતુલીત સંપત્તિ અને બળ પ્રાપ્ત થાય.

તપ અને સ્થિર ભક્તિથી રાવણ ત્રિભુવનનો રાજા બની ગયો. પરંતુ તમોગુણ પ્રાધાન્યને લીધે અહંકાર વધી ગયો.

ભગવાનને બધું ગમે પરંતુ અહંકાર ગમતો નથી. જીવનમાં જે કંઈ થઈ રહ્યું છે. તે તેની જ કૃપાથી થઈ રહ્યું છે. મારું સામર્થ્ય કે મારા અહંકારથી કઈ સિધ્ધ થતું નથી.

નિયમપૂર્વક નિષ્ઠા અને દૃઢ નિશ્ચય તથા થોડા કષ્ટ સહન કરવાથી તૈયારી સાથે ભગવાનની ભક્તિ જીવનમાં વધવી જોઈએ. ભક્તિ દીર્ઘકાલ પર્યત ચાલવી જરૂરી છે.

જીવનમાં તિતિક્ષા- સહન કરવાની શક્તિ સાથે આગળ વધીએ તો ભગવાનની કૃપા થવાની જ છે. ફકત મારી હોશિયારી કે પ્રયત્ન એ સફળતા માટે જરૂરી નથી. તેના માટે ભગવાનની કૃપા બહુ જ જરૂરી નથી તેના માટે ભગવાનની કૃપા બહુ જ જરૂરી છે.

ભક્ત જો નિરઅભિમાની થાય તો તેના કોઈ શત્રુ રહેતો નથી. આખું જગત તેનું મિત્ર બની જાય છે. જેની બીક લોકોને લાગતી નથી અને જેને બીજાની બીક લાગતી નથી અને તે ભકત અભિમાન રહીત થઈ ભગવાનને પ્રાપ્ત કરે છે.

ભગવાન શિવજીની સર્વ જીવો ઉપર સમાનરૂપે કૃપાદષ્ટિ થતી હોવા છતાં જેના અંતરમાં શ્રધ્ધા ભક્તિ ઉત્પન્ન થાય તેને જ કૃપા પ્રાપ્ત થાય છે. જેમ કે, વરસાદ સર્વત્ર થતો હોવા છતાં જેનું પાત્ર સીધી હોય તે જલ પ્રાપ્ત કરી શકે છે. જેનું જલ નિર્મલ હોય તે શુધ્ધ જલ પ્રાપ્ત કરી શકે છે.

અંતઃકરણમાં સત્વગુણ હોય તો ભગવાનનો અનુગ્રહ કૃપા જેના થકી સહજ રીતે પ્રાપ્ત થાય છે. રજોગુણ પ્રાધાન્ય અંતઃકરણ હોય તો વિવિધ ભોગ- સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. જો તમોગુણ પ્રધાન હોય તો અભિમાન-ગર્વની પ્રાપ્તિ થાય છે. જેથી ભગવાન ભૂલાઈ જાય છે અને પતન કરનાર બને છે. દુષ્ટને આ પ્રાપ્ત થાય તો તે મોહને પામે છે. રાવણ ભાન ભુલેલા હતા માટે રામજીને આવવું પડ્યું.

આ બધું કોના થકી પ્રાપ્ત થાય છે તે જીવ અહંકારને લીધે ભૂલ થાય છે. આથી જ રાવણે કૈલાસ પર્વતને ઉઠાવી જવા તૈયાર થયો હતો.

## શેઠ સી.એમ. હાઈસ્કૂલના વાલીઓની મીટીંગ યોજાઈ

ગાંધીનગર તા. ૧

સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકોની સહચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૦ના અભ્યાસક્રમમાં અમલી થઈ રહેલી નવી મૂલ્યાંકન પધ્ધતિ વિદ્યાર્થીઓના ઉચ્ચ પરિણામ વિદ્યાર્થીઓના બૌદ્ધિક સ્કોરીંગ વધારવા જેવી વિવિધ બાબતોનું માર્ગદર્શન આપ્યું હતું. માધ્યમિક વિભાગના સુપરવાઈઝર હરિભાઈ પટેલ, આચાર્યબી.કે. પટેલ, માર્ગદર્શન આપ્યુંહતું. દરેક વિષયના શિક્ષકોએ માહિતગાર કર્યા હતા. સંચાલન બિંદુબેન ચૌહાણે કર્યું હતું.

# અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે વેલકમ અને ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૧

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા એન.એસ.એસ.નાં નવા જોડાયેલા વિદ્યાર્થીઓ માટે ત્રણ દિવસનો ઓરીએન્ટેશન અને વેલકમ પ્રોગ્રામ યોજાયો હતો.

અમદાવાદ રીજીયોનલ સેન્ટરના યુથ ઓફિસર કમલકરજીની ઉપસ્થિતિમાં યોજાયેલા ઓરીએન્ટેશન અને વેલકમ કાર્યક્રમમાં આગામી ૨૦૧૨-૧માં એન.એસ.એસ. યુનિટમાં જોડાયેલા વિદ્યાર્થીઓને આવકારી યુનિટના વિવિધ કાર્યક્રમોની જાણકારી આપવામાં આવી હતી. વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન, વ્યકિત વિકાસ શિબિર, લીડર શીપ ટ્રેનિંગ, પ્રાથમિક આરોગ્યને લગતી તાલીમ, સિવિલ ડિફેન્સ, દત્તક ગામમાં વર્ષ દરમિયાન સ્વચ્છતા, વ્યસન મુકિત, પર્યાવરણ જાળવણી, ગરીબ બાળકોને ભણાવવા તથા સાક્ષરતા અંગે વિવિધ કાર્યક્રમો કરવામાં આવનાર છે. સાત દિવસનો કેમ્પ પણ કરવામાં આવશે તેવું કોલેજના પ્રોગ્રામ ઓફિસર પ્રો. રણછોડ રથવીએ જણાવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા એન.એસ.એસ. સેક્રેટરી જીગર પંડયા, શર્મા મુદ્રા, રીન્કલ પટેલ, આશિષ પટેલ, ગાયત્રી પંચાલ, નિકિતા પાઠક, હેતલ રાજપૂત વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ચૈતન્ય સ્કૂલ અને લેન્ડમાર્ક ગૃપના સંયુક્તપણે વૃક્ષારોપણ યોજાયું



ગાંધીનગર, તા. ૩૦

ચૈતન્ય સ્કૂલ, ગાંધીનગર અને લેન્ડમાર્ક ગૃપના સંયુક્તપણે તાજેતરમાં ગ્રીન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૈતન્ય સ્કૂલ લેકાવાડા ખાતેના શાળા કેમ્પસમાં યોજાયેલા ગ્રીન ડ્રાઈવમાં ૧૪૦ જેટલા છોડવાઓને વાવીને ઉછેરવાની નેમ લેવામાં આવી હતી.

ચૈતન્ય સ્કૂલના પ્રતીક એવા વડના છોડને પણ પટાંગણમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યો હતો. લેન્ડમાર્ક ગૃપના સંજય ઠક્કર અને તેમની પત્ની અમી ઠક્કરે તાજેતરમાં ચૈતન્ય સ્કૂલ મેનેજમેન્ટ સાથે મુલાકાત કરી લેકાવાડા ખાતેના શાળા કેમ્પસને વૃક્ષોથી સજાવવાની તૈયારી બતાવી હતી. જેના પરિણામ સ્વરૂપે તથા કુ. અપરાજીતા ઠક્કર અને કુ. પ્રાર્થના મિશ્રાની આગેવાની હેઠળ ગ્રીન ડ્રાઈવ માટેની ઉત્તમ પહેલ કરવામાં આવી હતી. નવા વાવેલા છોડવાઓની સાચવણીની જવાબદારી ચૈતન્ય સ્કૂલના વિદ્યાર્થીઓએ, શિક્ષકોએ તથા સેવકોએ સ્વીકારી હતી. સંનિષ્ઠ પ્રયત્ન બદલ લેન્ડમાર્ક ગૃપ દ્વારા રોલિંગ હાઉસ સિલ્ડ તેમજ પ્રોત્સાહક ઈનામો પણ આપવામાં આવ્યા હતા.

ચૈતન્ય-લેન્ડમાર્ક ગ્રીન ડ્રાઈવનું ઉદ્ઘાટન સી.એન.પાંડેએ કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાનિકેતન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ સલાહકારો, શાળાના ડિરેક્ટર ઈલિઝાબેથ કોશી, આચાર્ય પ્રીતા પિલ્લઈ, શાળાનો સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## ચૌધરી કન્યા વિદ્યાલય જિલ્લા વેઈટલીફટીંગમાં વિજેતા

ગાંધીનગર તા. ૧

અન્ડર-૧૭અનેઅન્ડર-૧૯ની વેઈટ લિફટીંગ સ્પર્ધા બાલવા મુકામે યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગાંધીનગર (ગ્રાન્ટેડ)ની વિદ્યાર્થીનીઓની પ્રથન વિજેતા બનેલ છે. જે રાજયકક્ષાએ રમવા જશે. રસ્સા ખેંચ સ્પર્ધામાં પણ શાળાની ટીમ તૃતીય સ્થાને આવેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરીએ તમામ ખેલાડીઓ અને કોચ લીનાબેન ચૌધરી તથા મિનાક્ષીબેન સુતરીયાની અભિનંદન પાઠવ્યા છે. અન્ડર-૧૯ ચૌધરી અસ્મિતા, ચૌધરી સુમન, ચૌધરી ભૂમિ, ચૌધરી રોશની, ચૌધરી પરિન્દા, ચૌધરી કેતુ, ચૌધરી ઉપેક્ષા અન્ડર -૧૭ ચૌધરી રીંકલ, ચૌધરી લલિતા, ચૌધરી મેશ્વા. રસ્સા ખેંચમાં રોશની, મનીષા, સુષ્મા, વિમલા, ઉપેક્ષા, રિંકલ, સુમન, કમીક્ષાની ટીમ તૃતીય ક્રમે વિજેતા થયા છે.

## કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા

# સરળ, નિખાલસ ને ભાવુક કલાકાર પિનાકીનભાઈ



ભારતીય શાસ્ત્રીય સંગીતના ધુરંધરો જેવા કે, પદ્મશ્રી પં. અજય ચક્રવર્તી, પદ્મવિભૂષણ બાંસુરીવાદ પં. હરિપ્રસાદ ચૌરસિયા અને 'તાનસેન સન્માન' પ્રાપ્ત કિરાના ઘરાનાના જાણીતા ગાયક પં. અજય પોહનકરના ગાંધીનગર ખાતેના કાર્યક્રમો દરમિયાન તેઓને ગાયન અને તાનપુરા પર સંગત આપનાર ગાંધીનગરના કલાકાર કોણ?

જાણીતા ઉદ્યોગપતિ ધીરૂભાઈ અંબાણીના દુઃખદ અવસાન સમયે (૨૦૦૨) મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને સમક્ષ મંત્રીમંડળની ઉપસ્થિતિમાં યોજાયેલ શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં ભાવસભર સ્વરાંજલિ આપતા કલાકાર કોણ...? ઉપરોક્ત મહાનુભઆવો અને કાર્યક્રમોમાં ઉપસ્થિત સૌની સરાહના મેળવનાર એ કલાકાર એટલે ગાંધીનગરના સંગીતજ્ઞ ગુરૂ શ્રી પિનાકીનભાઈ વ્યાસ.

સરળ, નિખાલસ, ભાવુક, આધ્યાત્મિક અને સંગીત ઘરેણાંથી સુશોભિત પિનાકીનભાઈનો જન્મ ગુજરાતના પ્રસિધ્ધ તીર્થધામ ચાંદોદ, જિ.વડોદરા ખાતે. પિતાશ્રી નટવરલાલ વ્યાસ દત્ત પરંપરાના ઉપાસક હોવાથી દર ગુરુવારે ભજન-સંકીર્તનનું ઘરે આયોજન થતું. સાંભળીને સાથે ગાતાં બાળ પિનાકીનના મનમાં સંગીતે જન્મ લઈ લીધો હતો. પ્રાથમિક શાળાભ્યાસ દરમ્યાન જ ચિત્ર, વ્યાયામના પિરીયડો છોડીને, શિક્ષકોની વઢ સાંભળીને પણ સંગીતના વર્ગોમાં પહોંચીને સિનીયર વિદ્યાર્થીઓની બંદિશો બેસીને સાંભળતા. ૧૯૭૦થી સંગીત વિષય પસંદ કરી સંગીત ગુરુ શ્રી મનહરપ્રસાદ ભટ્ટને ગુરુપદે પ્રસ્થાપિત કરી તેમની પાસેથી સંગીતની પધ્ધતિસરની તાલીમ લેવાનું શરૂ કર્યું. તાલીમની સાથે ગુરુ-શિષ્યનો સંબંધ પણ ખૂબ દ્રઢ થયો. ૧૯૭૮માં ઉસ્તાદ મનહરપ્રસાદજીની શાળામાંથી નિવૃત્તિ બાદ પણ તેમના જય દયારામ મંડળ સંચાલિત વર્ગોમાં પિનાકીનભાઈની તાલીમ બરકરાર રહી. વળી પિનાકીનભાઈએ યજુર્વેદનો પણ અભ્યાસ કર્યો હોવાથી તેમની સંગીત સાધના સાથે આધ્યાત્મિકતાનો સુભગ સમન્વય થયો.

૧૯૮૫ની સાલમાં તેમને સરકારી નોકરી મળી અને તેઓ ગાંધીનગરવાસી બન્યા. આ સાથે જ તેમના સંઘર્ષના દિવસો પણ શરૂ થયા. સોમથી શુક્રવાર સુધી કૉલેજ અભ્યાસ અમદાવાદમાં અને ગાંધીનગરમાં નૉકરી. જ્યારે શનિ-રવિમાં ચાંદોદ જઈ ઉસ્તાદ મનહરપ્રસાદ પાસે સંગીતની કપરી તાલીમ! આમ એકી સાથે ત્રણ મોરચા સંભાળવના. ચાંદોદની કુંવારી ધરતી જેમ ત્રિવેણી સંગમ (નર્મદા, ઓર સંગમ, ગુપ્ત સરસ્વતી) માટે જાણીતી છે, તેમ પિનાકીનભાઈના જીવનમાંપણ ૧૯૮૮માં ત્રિવેણી સંગમ થયો, ગ્રેજ્યુએટની પદવી, વિશારદની પદવી અનેજીવનસંગિની! એમ ત્રણ પ્રાપ્તિઓ! વાહ ૧૯૮૮!

શાસ્ત્રીય સંગીત પ્રત્યેના પોતાના અસીમ પ્રેમના કારણે પિનાકીનભાઈએ ગાંધીનગરમાં ૧૯૮૯થી શાસ્ત્રીય સંગીતની તાલીમ આપવાનું પડકારરૂપ કાર્ય શરૂ કર્યું. સાઈકલ પર સવાર થઈને જે કોઈ વિદ્યાર્થી મળે તેને ઘરે જઈને તાલીમ આપવાની. હતાશ થયા વિના સંગીત આરાધનાનું આકરું તપ કેટલાંય વર્ષો સુધી કર્યા બાદ ૧૯૯૫માં તેમને મોટો બ્રેક મળ્યો. જાણીતા સંગીતકાર ત્રિકમભાઈ તપોધને સૅક્ટર-૨૩ ખાતેના અરવિંદ કેન્દ્રમાં સંગીત શીખવવા માટે આમંત્રણ આપ્યું. પોતાના ગુરુજીની સંમતિથી અને નૌતમદાદા તથા નિર્મળાબાના સાંનિધ્યમાં શાસ્ત્રીય સંગીત (ગાયન)ના વર્ગો પુષ્પાબેન પરીખ, જાગૃતિબેન-ઝરણા વ્યાસ, સુરક્ષાબેન-ઈશા દેસાઈ એમ પાંચ-છ શિષ્યો સાથે શરૂ કર્યા. પિનાકીનભાઈની સંગીત પ્રત્યેની લગન અને નિષ્ઠાથી શિષ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો અને ગાંધીનગરમાં ગુરુ પિનાકીનભાઈએ પોતાનું સ્થાન બનાવી લીધું. ત્યારથી અરવિંદ કેન્દ્રમાં શ્રી અરવિંદ અને શ્રીમાતાજીના જન્મદિવસે સંગીતના કાર્યક્રમો અચૂક યોજાય છે.

શાસ્ત્રીય સંગીતની આંટીઘૂંટીઓને સરળ અને સહજ રીતે સમજાવતા તેમજ પ્રેમપૂર્વક માર્ગદર્શન આપતા પિનાકીનભાઈ સંગીતના મૂળ તત્ત્વ સુધી પહોંચવાની તાલીમ આપવાનો નમ્રપ્રયાસ કરે છે. ગુરુજીની તાલીમ અને ગુરુજીની સાથે અનેક ઉસ્તાદોને સાંભળ્યા હોવાથી શાસ્ત્રીય સંગીત પર પ્રભુત્વ ધરાવતા પિનાકીનભાઈની પારંગતતાનો લાભ હવે તેમના શિષ્યોને મળે છે. આજ સુધીમાં ૫૦૦થી વધુ શિષ્યોને પિનાકીનભાઈએ તાલીમ આપી છે, જે નોંધપાત્ર છે. વિશારદ થયેલા તેમના શિષ્યો દિવ્યા પારેખ, રાજેશ મહેડુ, ઈશા પાઠક, રીના કાટદરે, લોપા શર્મા, પ્રેક્ષા વ્યાસ (પુત્રી), રાજેન ચૌહાણ વિ. પોતાના કાર્યક્રમો સફળતાપૂર્વક રજૂ કરે છે, જેનો ગર્વ ગુરુજીને હોય એ સ્વાભાવિક છે.

પિનાકીનભાઈ ગાવા ઉપરાંત હાર્મોનિયમ, તબલા, તાનપુરો અને કેશિયો વગાડવામાં પણ માહિર છે. શાસ્ત્રીય સંગીતની સાથે સુગમ સંગીત, ભક્તિ સંગીત, શાસ્ત્રીય રાગો પર આધારિત ફિલ્મી સંગીત પણ પિનાકીનભાઈ બખૂબી ગાઈ શકે છે. પોતાના પ્રિય રાગ યમન આધારિત ગીતનો આલાપ જ્યારે તેઓ છેડે છે ત્યારે શાસ્ત્રીય સંગીત સમજતા ન હોય તેવા લોકો પણ ડોલી ઊઠે છે અને નીરેસા, નીરેસા, નરેગરે નીરેસા કરવા લાગે છે! મધુબન મેં રાધિકા નાચે રે..., લાગા ચુનરી મેં દાગ..., ઝનક ઝનક તોરી બાજે પાયલિયા..., વિ. ગીતો પિનાકીનભાઈ પાસે સાંભળવા એ એક લ્હાવો છે. શ્રી આનંદમયી માની પ્રિય ધૂન 'શ્રી રામ જય રામ જયજય રામ' રાગ યમન ભૈરવી સુધીમાં સંભળાવીને માના પ્રત્યક્ષ આશિષ ભીમપુરા આશ્રમ ખાતે અનેકવાર મેળવ્યા છે. ઉસ્તાદ મનહર પ્રસાદ પ્રત્યેની એમની ગુરુ ભક્તિ એટલી પ્રબળ છે કે ૧૧ વર્ષ પહેલાં દેવ થઈ ગયેલા ગુરુજીને યાદ કરતાં પિનાકીનભાઈની આંખો આજે પણ છલકાઈ જાયછે.

ગાંધીનગરની જાણીતી સંગીત સંસ્થા શિવરંજનીના નેજા હેઠળ મલ્હારને માંડવે અને મોરપિંછ જેવા સુંદર કાર્યક્રમો પોતાના શિષ્યો સાથે પિનાકીનભાઈએ રજૂ કર્યા છે. છેલ્લાં બે વર્ષથી ગાંધીનગરના સંગીત સર્કલ પર પ્રભાતના પહોરમાં સંગીતના સુંદર કાર્યક્રમો રજૂ કરીને વિશ્વ સંગીત દિનની ઉજવણી પણ કરી છે. ગાંધીનગરમાં કોઈ પણ કાર્યક્રમ હોય - પૂ. મોરારિ બાપુ કે પૂ. રમેસભાઈ ઓઝા પધાર્યા હોય - કોઈ સરકારી અથવા સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યક્રમ હોય - પિનાકીનભાઈની મંગલ પ્રાર્થનાથી જ કાર્યક્રમનો પ્રારંભ થાય એ સામાન્ય અને સર્વમાન્ય પરંપરા બની ગઈ છે.

પિનાકીનભાઈએ સચિવાલય કલ્યાણ સમિતિ યોજિત આંતરવિભાગીય સંગીત સ્પર્ધામાં ત્રણ વાર પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને અખિલ ભારતીય સંગીત સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ છે. આ ઉપરાંત કલ્ચરલ ફોરમ, કલરવ, સિનીયર સિટીઝન્સ કાઉન્સીલ, ગાંધીનગરની કૉલેજો અને સરકારી વિભાગોમાં કાર્યક્રમો રજૂ કરીને સંગીતની સુરાવલીઓથી ગાંધીનગરને ભીંજવી દીધું છે. જ્યારે નિર્ણાયક તરીકે પણ પિનાકીનભાઈ વિના ગાંધીનગરમાં કોઈ સંગીત સ્પર્ધા થતી જ નથી. આમ છતાં પણ પોતે હજી સાધનાના પડાવમાં જ છે તેવું માનનારા પિનાકીનભાઈ હાલના પોતાના ગુરુ શ્રી સુરેન્દ્રભાઈ બક્ષીદાદા પાસેથી અવાર-નવાર માર્ગદર્શન મેળવીને પોતાની જાતને ધન્ય માને છે. માત્ર ને માત્ર સંગીતભક્તિ અને નિજાનંદ માટે કાર્યક્રમો રજૂ કરતા આવા ગુરુ પ્રાપ્ત થયા છે એ સૌ ગાંધીનગરવાસીઓએ ગૌરવ લેવા જેવી બાબત છે. ગાંધીનગરની જાણીતી સંસ્થા અવસર દ્વારા શ્રી પિનાકીનભાઈનું સન્માન પણ કરવામાં આવ્યુંછે. પિનાકીનભાઈના ત્રણે સંતાનો - પુત્રી પ્રેક્ષા વિશારદ થઈ છે, જ્યારે વૃંદા ગાયન અને કથ્થકમાં તથા પુત્ર દીપ તબલામાં તાલીમ મેળવે છે - પિતાજીએ સાથાપેલ સંગીત પરંપરાને આગળ ધપાવે છે. પત્ની દિપીકાબેન સારા 'કાનસેન' છે અને પિનાકીનભાઈની સંગીત સફરમાં તેમનું પ્રોત્સાહન અમૂલ્ય રહ્યું છે.

'ગુરુ બિન કૌન બતાયે વાટ, બડા વિકટ યહ ઘાટ... ગુરુ બિન કૌન બતાયે વાટ...'

# આત્મોધ્ધાર માટે કરાતી સાધનાને જ કલ્યાણપ્રદ કર્મ માનવામાં આવે છે

## જાગૃત રહિ સદા કલ્યાણકારક કર્મ જો કરશો તો ક્યારેય કંઈ સહન નહિ કરવું પડે એ ભગવાનનું વચન છે

'નહિ કલ્યાણ કૃતંકવશ્ચિદ દુર્ગતિ તાત ગચ્છતિ'


'હે ભાઈ - આત્મોધ્ધાર માટે સતત કર્મ કરનાર કોઈપણ વ્યકિતની દુર્ગતિ કદાપિ થતી નથી.' ( ગીતા. અ.૬/૪૦)

શ્રીમદ્ ભગવત ગીતા અ.૬ ના ૪૦ માં શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણે વિશ્વની પીડિત પ્રજાને આ વરદાન આપ્યું છે કે જે લોકો પોતાના આત્મ-કલ્યાણ માટે સતત પ્રયત્નો કરે છે તેવા સાધકોમાં આ વચન શ્રધ્ધા પ્રેરનારું છે. સમાજની સામૂહિક ઉન્નતિ માટે જે સમાજ સેવકો, સંતો અને આચાર્યો સતત ચિંતનશીલ અને કાર્ય-પ્રવૃત રહે છે. તેઓને પણ મોટું આશ્વાસન મળે છે. ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે, 'કલ્યાણ પ્રદ કર્મ કરનારનું અધઃપતન થતું નથી.'

ભગવાને કલ્યાણપ્રદ કર્મ કરવાનું કહ્યું છે, કલ્યાણપ્રદ કર્મ કોને ગણવા તે વિચારવાનું છે. સુખ-સગવડતા માટે સતત દોડધામ કરવી-વિષય - ભોગ ભોગવવા - ઈત્યાદિ માટે કરાતા કર્મો કલ્યાણપ્રદ નથી ગણાતા. આધ્યાત્મિક ક્ષેત્રમાં આત્મોધ્ધાર માટે કરાતી સાધનાને જ કલ્યાણપ્રદ કર્મ માનવામાં આવેલ છે. એટલે કલ્યાણનો અર્થ આત્મ-કલ્યાણ તેવો થાય છે. અને આત્મ-કલ્યાણનો ત્યારે જ સધાયું ગણાય. જ્યારે આત્મ તત્વનું જ્ઞાન થાય . જે વ્યક્તિ પોતાના સ્વ- સ્વરૂપને પામવા સતત પ્રયત્ન કરતી હોય તેને અવશ્ય માર્ગ મળે છે. મન પર ધીમે ધીમે નિયંત્રણ સધાતા ઈન્દ્રિયો ભટકવાનું બંધ કરે છે. ચિત્ત નિર્મળ થતાં એકાગ્રતા કેળવાય છે. જનમ-મરણના ફેરામાંથી મુક્ત બનતા જીવને જ્ઞાન- પ્રાપ્તિ થાય છે અને 'જ્ઞાનેન- મુક્તિ'એ નિયન પ્રમાણે તેનો મોક્ષ થાય છે. આમ મુક્તિનો માર્ગ સરળ બને છે. આ પ્રકારના કર્મો કલ્યાણપ્રદ કર્મો છે. અર્જુનનો મૂળ પ્રશ્નોનો 'યોગ ભ્રષ્ટ'ની શી ગતિ થાય છે તે જાણવાનો હતો.

જવાબમાં શ્રીકૃષ્ણ હિન્દુ ધર્મના બે મુખ્ય સિધ્ધાંતો પોતાના જવાબમાં વણી લે છે. જો સાધકનું સાધન દરમિયાન મૃત્યુ આવે. જો કોઈ સાધક અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કરતાં પહેલાં મરણ પામે તો.. કર્મના નિયમ પ્રમાણે તેની સાધનાનું ફળ મળે છે. અને તેના પૂર્નજન્મમાં તે વ્યક્તિ પોતાની સાધના આગળ ચલાવી શકે છે. નવા જન્મમાં તેનો પંથ ટૂંકો થાય છે. અને અનેક જન્મ પછી તે જ્ઞાન પામી મુક્તિ મેળવે છે. સાધનાનું સાતત્ય ટકી રહે છે અને સાધકની અવનતિ થતી નથી.

પરમાત્માના આ વરદાનને



વૈયક્તિક સ્તર પરથી ઉઠાવી સામુહિક ક્ષેત્રે પણ લઈ જઈ શકાય છે. આપણા અનેક ઋષિ- મુનિઓએ પોતે જ્ઞાન પામ્યા પછી તેનું વિતરણ કાર્ય સતત ચાલુ રાખ્યું. સમગ્ર સમાજને ઉચ્ચ સ્તરે લાવવાના તેઓના પ્રયાસો હતા. આપણા તમામ ધર્મ ગ્રંથો સ્પષ્ટ જણાવે છે કે લોકો- કલ્યાણનું કર્મ કરનારની દુર્ગતિ નથી થતી. અવળા માર્ગે ચડી ગયેલા સમાજને સવળા માર્ગે લાવવા સંતો, ભગવંતો તથા આચાર્યો, આજે પણ સતત પ્રયત્ન કરતા રહે છે. શ્રીમદ્ ભગવત ગીતાજીના આ વચનમાંથી જ તેઓને યજ્ઞકાર્ય, લોક કલ્યાણ માટેના કર્મો કરવાની પ્રેરણા મળે છે. કેટલીક વખત સંતોને કાર્યના પ્રારંભમાં નિંદા સહન કરવી પડે, અપમાનો થાય, ક્યારેક અણસમજુ લોકો હુમલો પણ કરે. આમ છતાં, તેઓ પોતાનું કાર્ય છોડતા નથી. લગભગ બધા જ સંતો માટે આવા બનાવો નોંધાયા છે. પણ લોકો તેઓને જ પૂજ્ય સ્થાને બેસાડે છે. બાહ્ય રીતે થતા કે કરતા આવા અપમાનજનક કૃત્યોની અસર સંતોના મન પર થતી નથી. ઉલટાનું નિંદા કરનાર કે માર મારનારનું કલ્યાણ સધાય તે માટે તેઓ પ્રયત્નો કરે છે. કુંડલાના કાઠી દરબારોએ સ્વામીનારાયણ સંતોને માર મારેલો.

### સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ

પણ જ્યારે સંતોને ખબર પડી કે એ દરબાર નિઃસંતાન છે તો તમામ સંતોએ ભગવાનની પ્રાર્થના કરી અને દરબારને ત્યાં પુત્ર જન્મ થાય તેવી વિનંતી કરી. આવી વ્યક્તિઓની દુર્ગતિ થતી નથી. પરંતુ સામાજિક સેવાયજ્ઞમાં ભય સ્થાનો ઘણા છે. વ્યક્તિગત જીવનમાં વિષય ભોગની વાસનાથી પ્રેરિત કર્મો કલ્યાણપ્રદ નથી મનાયાં તેમ સામાજિક કાર્યોમાં સ્વાર્થ અને દંભથી થતા કર્મો કલ્યાણપ્રદ નથી ગણાતા. સામાજિક કાર્યકર પુરેપૂરો નિષ્ઠાવાન તથા નિઃસ્વાર્થી જ હોવો જોઈએ. તેની પ્રામાણિકતા પર લોકોને જરા પણ શંકા ન હોવી જોઈએ. મહાત્માજી કહેતા, કે 'લોકોની એક



પાઈ પણ ખોટી રીતે ન વપરાય તેનું ધ્યાન રાખવું જોઈએ. સેવાના આંચળ નીચે પોતાનો સ્વાર્થ સાધતા રાજકીય નેતાઓ પર સમાજ વિશ્વાસ મુક્તો નથી. આવા કહેવાતા સમાજ સુધારકોની અવગતિએ માત્ર સમયનો પ્રશ્ન હોય છે.'

આપણે નાનું કે મોટું જે કર્મ કરીએ તે પોતાની જાત માટે, અને સમાજ માટે કલ્યાણપ્રદ છે કે કેમ તેનો વિચાર પ્રથમ કરવો જોઈએ. કર્મ અશુભ હશે તો ફળ પણ અશુભ જ મળવાનું. અશુભ વિચારો અધોગતિ તરફ દોરી જાય છે. જ્યારે શુભ વિચારો મોક્ષનું દ્વાર ખોલી આપે છે. બાહ્ય રીતે સારું લાગતું કર્મ પણ કલ્યાણપ્રદ ન હોઈ શકે. માટે સતત વિચારીને જ કર્મ આચરવા એવું ન બને કે પછી પસ્તાવું પડે. જાગૃત રહિ સદા કલ્યાણકારક કર્મ જો કરશો તો ક્યારેય કંઈ સહન નહિ કરવું પડે. એ ભગવાનનું વચન છે.